**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

---

**ખાનગી** — **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** — **તા. ૨૧– ૨ – ૨૦૦૮**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા. ૨૧–૨–૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : <u>કાર્યવાહી</u> :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨૧ –૨–૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | – ખાલી – (મા. ઉપકુલપતિશ્રી) | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | ગેરહાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

**૧.** એકેડેમિક કાઉન્સિલે તેનાં તા. ૦૬/ ૦૯/ ૨૦૦૭ના ઠરાવ નં: ૨૫ થી ગુણચકાસણી અને પુનઃ મૂલ્યાંકનની પ્રથા અંગેના નિયમો ઘડવા/ બનાવવા અંગે તથા સુધારા વધારા કરવા એક સમિતિની રચના કરી હતી. પ્રસ્તુત સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ મૂકવાનું ઠરાવેલ હોય આ સાથે પ્રસ્તુત સમિતિના અહેવાલ બિડાણ તરીકે સામેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિનો અહેવાલ **પરિશિષ્ટ : ' ક '** માં દર્શાવેલ સુધારા વધારા સાથે મંજૂર કરવો.

**(પરિશિષ્ટ: ' ક ')**

**૨.** યુનિવર્સિટી પ્રુફ રીડર શ્રી એ. ટી. કાયસ્થે(૧) ડૉ.બી. એ. પરીખ, કુલપતિશ્રી (૨) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા (૩) કમિશ્નરશ્રી હાયર એજ્યુકેશન, ગાંધીનગર વિરુધ્ધ નામદાર ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીસ ટ્રીબ્યુનલ, અમદાવાદ સમક્ષ અપીલ નંબર – ૨ સને ૧૯૯૯ દ્વારા પડકારવામાં આવતાં સદર બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતાં સિન્ડિકેટે તેની તા. ૧૩–૧૨–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : (૨૨)થી ઠરાવ્યાનુસાર સદર બાબતે સર્વગ્રાહી અભ્યાસ માટે ત્રણ સભ્યોશ્રી (૧) શ્રી મયુરભાઈ ચૌહાણ (૨) ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ અને (૩) શ્રીમતી જાગૃતિબેન કે. પટેલની તપાસ સમિતિ પર નિમણૂંક કરવામાં આવેલ જે સબબ તપાસ સમિતિના સભ્યોશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ સમિતિનો અહેવાલ કાર્યાલયને તા. ૫/ ૨/ ૨૦૦૮ના રોજ મળેલ છે, જે અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ સમગ્ર બાબતને હાઈકોર્ટમાં પડકારવી.

**૩.** યુનિવર્સિટી દ્વારા પી. જી. સેન્ટરોમાં ચલાવાતા અભ્યાસક્રમોના નાણાકીય માળખાના મૂલ્યાંકન બાબતનો અહેવાલ તૈયાર કરી તેને લગતી આનુષંગિક બાબતો નકકી કરવા માટે મા. કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની સભા તા. ૫–૦૪–૨૦૦૭ તથા તા. ૨૧–૦૧–૨૦૦૮નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદર સમિતિનો અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિનો અહેવાલ **પરિશિષ્ટ : ' ખ'** માં દર્શાવેલા સુધારા વધારા સાથ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફી વધારાનો અમલ પાર્ટ–૧નો શૈક્ષણિક વર્ષ :૨૦૦૮–૨૦૦૯ થી અને પાર્ટ–૨ નો શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૨૦૧૦થી કરવો.

**(પરિશિષ્ટ: ' ખ' )**

**૪.** અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૦૯–૨૦૦૬નાં રોજ મળેલી સભાનાં ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે M.Phill. અંગેનાં પ્રવર્તમાન નિયમો તેમજ M.Phill. અને Ph.D. ના ફીના માળખા અંગે જરૂરી સુધારા–વધારા સૂચવવા અંગેની નિયુકત થયેલી સમિતિની ભલામણો તા. ૭–૦૬–૨૦૦૭ની અનુસ્નાતક શિક્ષણ મંડળની સભામાં ઠરાવ નં : ૨૧ થી રજૂ થતાં સમિતિએ M.Phill. નાં નિયમોનો સ્વીકાર કર્યો હતો અને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હતી અને M.Phill./ Ph.D.ની હાલની ફીના માળખામાં સુધારો કરવા ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાંથી P. G./ M.Phill./ Ph.D.ની ફી અંગેની માહિતીનું એકત્રીકરણ કરીને અહેવાલ તૈયાર કરવા માટેની સમિતિની સભા તા. ૧૦–૦૧–૨૦૦૮નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદર સમિતિનો M.Phill. અને Ph.D. ના ફીના માળખા અંગેનો અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિનો અહેવાલ **પરિશિષ્ટ : ' ગ '** માં દર્શાવેલા સુધારા વધારા સાથ મંજૂર કરવો.

**(પરિશિષ્ટ: ' ગ ' )**

૫. શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ, કીમના આચાર્યશ્રીએ ડિપ્લોમાં ફાર્મસી કોલેજમાં વ્યાખ્યાતાની પસંદગી માટે તા. ૬–૨–૨૦૦૮ના રોજ મોકલેલ Education regulation 1991 of Pharmacy Council of India (Appendix-B) પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશનને આ બાબતે પૂછાવવું અને ત્યાર બાદ આ બાબત પુનઃ સિન્ડિકેટમાં રજૂ કરવી.

૬. સિન્ડિકેટ તા. ૨૧–૬–૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : (૭૭) અન્વયે ઠરાવ્યાનુસાર પ્રોયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરનાર શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્ય દીઠ રૂા. ૩૦૦/– તથા ટી. એ. ચૂકવવા અંગે થયેલ ઠરાવ અંતર્ગત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. કે. સી. પોરીયાના તા. ૨૪–૧–૨૦૦૮ના પત્રથી કરેલ વિનંતી અંતર્ગત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ફરજ બજાવતાં ગેસ્ટ ફેકલ્ટી/ લેકચરર જેઓ પ્રાયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરતા હોઈ તેવા શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્ય દીઠ ઠરાવ અનુસાર ચૂકવણી કરવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: સિન્ડિકેટ તા. ૨૧–૬–૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : (૭૭) અન્વયે ઠરાવ્યાનુસાર પ્રોયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરનાર શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્ય દીઠ રૂા. ૩૦૦/– તથા ટી. એ. ચૂકવવા અંગે થયેલ ઠરાવ અંતર્ગત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. કે. સી. પોરીયાના તા. ૨૪–૧–૨૦૦૮ના પત્રથી કરેલ વિનંતી અંતર્ગત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ફરજ બજાવતાં ગેસ્ટ ફેકલ્ટી/ લેકચરર જેઓ પ્રાયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરતા હોઈ તેવા શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્ય દીઠ ઠરાવ અનુસાર ચૂકવણી કરવી.

૭. એડહોક અધ્યાપકોની નિમણૂંક થકી ઉભી થતી અકલ્પીત નાણાકીય જવાબદારીનું વહન કરવા (૧) સાર્વજનિક એજયુકેશન સોસાયટીના મંત્રીશ્રીએ કાર્યાલયને લખેલ તા. ૨૩–૧૧–૨૦૦૭ના રોજનો પત્ર (૨) નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટના પ્રમુખશ્રીએ કાર્યાલયને લખેલ તા.૨૭–૧૧–૨૦૦૭ના રોજના પત્ર અને (૩) કોલેજ આચાર્ય મંડળના મંત્રી ડૉ. યુ. ટી. દેસાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે નીચે મુજબની કમીટીની રચના કરવી.

(૧) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ (કન્વીનર) (૨) આ. શ્રી જે એમ. નાયક

(૩) શ્રી યોગેશભાઈ ભટ્ટ (૪) શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા

(૫) શ્રી મયુરભાઈ ચૌહાણ

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારને આગ્રહભરી ભલામણ કરવી કે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવી.

**૮.** યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો તેમજ યુનિવર્સિટી વહીવટી વિભાગો દ્વારા મળેલ માહિતીને સિન્ડિકેટ નિયુકત વાર્ષિક અહેવાલ માટેની સમિતિના સંપાદન હેઠળ તૈયાર કરેલ ૪૧માં વાર્ષિક અહેવાલનો મુસદ્દો ચર્ચા – વિચારણા કરવા તેમજ તે સમિતિની સૂચિત ભલામણ મુજબ તૈયાર કરી આગામી સેનેટની સભા સમક્ષ ૪૧મો વાર્ષિક અહેવાલ રજૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૪૧મો વાર્ષિક અહેવાલ સૂચિત સુધારા વધારા સાથે મંજૂર કરવો તેમજ ફોટોગ્રાફ નકકી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી સેનેટની સભામાં ૪૧મો વાર્ષિક અહેવાલ શ્રી શશીકાંત ભાઈ શાહ દ્વારા રજૂ **(MOVE)** કરાવવો.

**૯.** પરીક્ષા વિભાગમાં કોમ્પ્યુટર પુલમાં તૈયાર કરવામાં આવેલ માર્ચ/ એપ્રિલ ૨૦૦૭ના એમ. એસસી.પાર્ટ – ૧ અને પાર્ટ – ૨ (કેમેસ્ટ્રી/ ફીજીકસ) તેમજ એફ. વાય. બીકોમ. (બેઠક ક્રમાંક : ૦૧૩૩૩૦) વાળા વિદ્યાર્થીઓના માર્કસમાં ચેડા કરવા બાબતે ૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૮ (આઠ) વિદ્યાર્થીઓ એ હાઈકોર્ટ અમદાવાદમાં પીટીશનો દાખલ કરી હતી પ્રસ્તુત બાબતે યુનિવર્સિટીના વકીલ શ્રી ધવલ સી. દવેનાં તા. ૮–૨–૨૦૦૮ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં નીચે મુજબની કમીટીની રચના કરવી.

(૧) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ (કન્વીનર) (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ

(૩) શ્રી મયુરભાઈ ચૌહાણ (૪) આ. શ્રી જે. એમ. નાયક

(૫) શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે તે સંસ્થાએ વિદ્યાર્થી સામે છેતરપીડી નો કેસ કરવો.

**૧૦.** પરીક્ષા આચાર સમિતિની તા. ૦૨/ ૦૨/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા )

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. તા. ૦૨/ ૦૨/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ : ' ઘ '** માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટ: ' ઘ ')**

**૧૧.** AICTEના નવા નોર્મ્સ પ્રમાણે એમ. સી.એ. માં લેકચરરની ભરતી માટે GATEની પરીક્ષા જરૂરી હોય છે. આ બાબતે સિન્ડિકેટની તા.૧૩–૧૨–૨૦૦૭ની સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, AICTEના નવા નોર્મ્સ પ્રમાણે લેકચરર બનવા માટે જ્યાં GATEની પરીક્ષા જરૂરી હોય ત્યાં પાંચ વર્ષમાં પાસ કરવાની રહેશે તેવી બાહેંધરી આપ્યા બાદ શરતી નિમણૂંક આપવાની રહેશે, આ સમય દરમ્યાન નિયમોનુસારના ઈજાફાના લાભો આપવા.

ઉપરોક્ત ઠરાવમાં વિસંગતતા દૂર કરવા પૂનઃ વિચારણાર્થે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એન્જિનીયરીંગ કોલેજોમાં લેકચરરની જગ્યા માટેનાં (A.I.C.T.E.) ના નોર્મ્સ પ્રમાણે સ્ટાફ મળવો મુશ્કેલ હોઈ નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

(૧) વર્તમાન (A.I.C.T.E.) ના નોર્મ્સ પ્રમાણે ઉમેદવાર જો પસંદગી સમિતિ સમક્ષ હાજર હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

(૨) જો ઉપરોક્ત (૧) પ્રમાણે ઉમેદવાર ન મળે તો બેચલર ઓફ એન્જિનીયરીંગની લાયકાત ધરાવનાર ઉમેદવારને ૫ વર્ષમાં GATE નો 75 Percentile લાવવાની શરતે નીચેની શરતોને આધીન નિમણૂંક આપવી.

(અ) GATE **ના** 75 Percentile વગરના ઉમેદવારોની નિમણૂંક ફીક્ષ પાંચ વર્ષના સમયની રહેશે.

(બ) તેને આ સમયગાળા માટે ૮૦૦૦–૨૭૫–૧૩,૦૦૦ નો પગાર નિયમોનુસાર D.A. સાથે આપવાનો રહેશે. દર વર્ષે નિયમોનુસાર ઈજાફા આપવાનાં રહેશે.

(ક) આ સમય દરમ્યાન તેણે GATE ની પરીક્ષા 75 Percentile થી પાસ કરવાની રહેશે.

(ડ) આ સમય દરમ્યાન તે GATE ની પરીક્ષા 75 Percentile થી પાસ ન કરે તો સમય પૂર્ણ થયા બાદ તેઓ ફરી નિમણૂંકને પાત્ર ઠરશે નહિ અને તેમને છૂટા કરવામાં આવશે.

(૩) ઉમેદવાર પાંચ વર્ષના સમય ગાળામાં 75 Percentile GATE score જે પ્રાપ્ત કરે તેની જાણ સંસ્થા/યુનિ. ને કરે તે દિવસથી તેની નિમણૂંક કાયમી ધોરણે નિયત પ્રોબેશન સમય આપીને A.I.C.T.E ના નોર્મ્સ તથા યુનિવર્સિટીનાં નોર્મ્સ પ્રમાણે કરવાની રહેશે.

**૧૨.** શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળ, રાજપીપળા સંચાલિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ, રાજપીપળાનું શ્રી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળામાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯થી વિલીનીકરણ અંગેની મંજૂરી આપવા બાબતમાં પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીએ તેમના તા. ૧૦–૧–૨૦૦૮ના પત્રાંક : ૧૧૧૦/ ૨૧ કે. એમ. થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૧૩.** વ્યકિત વિકાસ કેન્દ્રનો તા. ૫ થી ૯ માચ' ૦૮ નો મહાશિવરાત્રી પર્વ માટે શરતી કરારથી આપેલ યુનિવર્સિટીનો પ્લેગ્રાઉન્ડનો તથા જરૂરી વિસ્તાર પર ચાલતી કામગીરી પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે આપેલી શરતી મંજૂરીમાં નીચેની શરતોનો ઉમેરો કરવી.

(૧) રૂા. ૨, ૦૦, ૦૦૦/– ની ડીપોઝીટ જમા કરાવવી.

(૨) ૫૦૦ નવા વૃક્ષો વાવી આપવા.

**૧૪.** યુનિવર્સિટીમાં ચાલતા અનુસ્નાતક સ્વનિર્ભર / હાયર પેમેન્ટ અભ્યાસક્રમમાં જે તે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા બાદ કોઈ કારણસર પ્રવેશ રદ કરાવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ ભરેલ ફીની પરત કરવાની થતી રકમ અંગે મા. કુલપતિશ્રી દ્વારા નીમાયેલ સમિતિનો તા. ૧૦–૦૧–૨૦૦૮ના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે નીચે મુજબની કમીટીની નિમણુંક કરવી અને આગળની કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ (કન્વીનર) (૨) શ્રી મયુરભાઈ ચૌહાણ

(૩) શ્રી આર. સી. ખડીયા

**૧૫.** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો પત્ર તા. ૭–૨–૦૮ પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સૈધ્ધાંતિક મંજૂરી આપવી.

યુનિવર્સિટી સ્ટેટયુટ – ૧૯૯ અન્વયે સને ૨૦૦૬ – ૦૭ના વર્ષના યુનિવર્સિટીનાં હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફિસે તૈયાર કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેટયુટ – ૧૯૯ અન્વયે સને ૨૦૦૬ – ૦૭ના વર્ષના યુનિવર્સિટીનાં હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફિસે તૈયાર કરેલ અહેવાલ **પરિશિષ્ટ : ' ચ '** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવો.

**(પરિશિષ્ટ: ' ચ ')**

યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી તેમજ અન્ય કામગીરી માટે ભાડે વાહનો (રેટ કોન્ટ્રાકથી) કરવા અંગે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ આપી ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતાં. જે પૈકી નિયત સમય મર્યાદામાં કુલ (બે) ૦૨ પાર્ટીઓના ટેન્ડરો કાર્યાલયને મળ્યા હતાં. જે અંગે આ સાથે સામેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી તેમજ અન્ય કામગીરી માટે ભાડે વાહનો (રેટ કોન્ટ્રાકથી) કરવા અંગે ગત વર્ષના (જૂના ) ભાવ પ્રમાણે મિસ્ત્રી ટ્રાવેલ્સને આ કામની મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સરેરાશ ૨૬૦ કિ. મી. ની રાખવી.

સ્વનિર્ભર સિવાય અનુદાન મેળવતા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં જો મુલાકાતી શિક્ષકો (પૂર્ણ સમયના અને ખંડ સમયના) આવતા હોય અને જો તે શિક્ષક યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સેવા બજાવતા હોય અને જો તેઓનો પોતાની સંસ્થામાં કાર્યભાર યુનિવર્સિટી નિયમથી વધુ થતો હોય તો તેવા સંજોગોમાં વધારાના કાર્યભાર દીઠ રૂા. ૨૦૦/– માનદવેતન પ્રતિ વ્યાખ્યાન તથા ટી.એ. આપવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિ તા. ૨૦–૨–૨૦૦૭ ની સભાની ભલામણ તથા સિન્ડિકેટે તેની તા ૨૧–૬–૨૦૦૭ ના ઠરાવ –૭૭ માં નં. ૨ માં દર્શાવ્યા મુજબ યુનિવર્સિટીના પી.જી.વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પી.જી./ વીટી/ ૯૩૧૧/૨૦૦૭ તા. ૨૯–૮–૨૦૦૭ મુજબ અમલ કરવા ઠરાવેલ છે. જે અંગે ફેર વિચારણા કરી સદર માનદવેતન + ટીએ ૨૦૦૪–૨૦૦૫ તથા ૨૦૦૫–૨૦૦૬ ના વર્ષ દરમ્યાન ખંડ સમયના વ્યાખ્યાતા દ્વારા લેવાયેલા વ્યાખ્યાન અંગે સને ૨૦૦૪–૨૦૦૫ તથા ૨૦૦૫–૨૦૦૬ ના વર્ષ માટે પશ્ચાતવર્તા અસરથી ચુકવવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રશ્ચાતવર્તા અસરથી મંજૂર કરવામાં આવે છે.

આપણી યુનિવર્સિટી સંલગ્ન સી. કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીગ એન્ડ ટેકનોલોજીના આચાર્યશ્રીનો પત્ર સામેલ છે. તેઓએ સ્ટુડન્ટસની રૂા. ૩૫૦/– વિદ્યાર્થી દીઠ લેવાનું તેમની સ્ટુડન્ટસ કાઉન્સીલની મિટિંગમાં નક્કી કર્યુ છે. તો તેમને આપણી યુનિવર્સિટીના આ વર્ષની અમલમાં આવેલી સ્ટુડન્ટસ યુનિયનના બંધારણની કલમ સાત મુજબ મંજૂરી આપવા વિચારણા કરવા બાબત. કલમ સાત નીચે મુજબ છે.

દરેક પૂર્વસ્નાતક, સ્નાતકોત્તર વિદ્યાર્થી પોતાની કોલેજને સિન્ડીકેટની મંજૂરીથી સત્રદીઠ નક્કી કરેલી રકમ યુનિયન ફી તરીકે આપશે.

(યુવક કલ્યાણ અને શા. શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને નામંજૂર કરવી.

યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં રોજબરોજના વધતા જતા કાર્યભાર સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૬–૯–૨૦૦૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૦ અન્વયે, ૧૪–કલાર્ક, ૧ લાયબ્રેરીય આસિસ્ટન્ટ તથા ૨–પટાવાળા એમ કુલ–૧૭ જગા માટે શરૂઆતના ૮ માસની મુદત માટે ફીક્ષ પગારથી નિમણૂક આપવામાં આવી હતી. જે વખતો વખત સિન્ડિકેટની મંજૂરી લઈ નિમણૂક કરવામાં આવે છે. જે સબબ સિન્ડિકેટની તા.૫–૩–૨૦૦૭ ની સભાના ઠરાવ નં.૨૭ પ્રમાણે વધુ ૧૧ માસ માટે ૦૭ દિવસનો બ્રેક આપી નીચે દર્શાવેલ ૦૯ કર્મચારીઓને (૭– કલાર્ક અને ૨–પટાવાળા) નિમણૂક આપવા ઠરાવેલ હતું. જે સબબ તેઓના નામ સામે દર્શાવેલ તારીખના રોજ ૧૧ માસની મુદ્દત પૂર્ણ થતી હોય તેઓને કરાર આધારિત નિમણૂક આપવા અંગે (જરૂરી બ્રેક સહિત) વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હાજર થયાની તારીખ | ૧૧ માસ પૂરા થયાની તારીખ | વિભાગ |
|---|---|---|---|---|
| * ૧. | શ્રી નિરવ એસ. દેસાઈ (કલાર્ક) | ૧૦–૦૪–૨૦૦૭ | ૦૯–૦૩–૨૦૦૮ | સિન્ડિકેટ |
| ૨. | શ્રી નિલેશકુમાર સી. પટેલ (કલાર્ક) | ૦૭–૦૫–૨૦૦૭ | ૦૬–૦૪–૨૦૦૮ | સિન્ડિકેટ |
| ૩. | કુ.કીર્તિ આર. સુરતી (કલાર્ક) | ૧૬–૦૪–૨૦૦૭ | ૧૫–૦૩–૨૦૦૮ | એકેડેમિક |
| ૪. | શ્રી નિરવ કે. શાહ (કલાર્ક) | ૧૬–૦૪–૨૦૦૭ | ૧૫–૦૩–૨૦૦૮ | એમ.એસસી (આઈ.ટી) |
| ૫. | શ્રી ડેની એસ. જેરોલ્ડ (કલાર્ક) | ૧૦–૦૪–૨૦૦૭ | ૦૯–૦૩–૨૦૦૮ | એકેડેમિક |
| ૬. | શ્રીમતી મનિષા એ. કદમ (કલાર્ક) | ૦૭–૦૫–૨૦૦૭ | ૦૬–૦૪–૨૦૦૮ | પરીક્ષા |
| ૭. | શ્રી રણજીત ડી. સાવંત (કલાર્ક) | ૧૬–૦૪–૨૦૦૭ | ૧૫–૦૩–૨૦૦૮ | પરીક્ષા |
| ૮. | શ્રી ચેતનસિંગ ઉદયસિંહ રાઠોડ (પટાવાળા) | ૧૦–૦૪–૨૦૦૭ | ૦૯–૦૩–૨૦૦૮ | એમ.એસસી (આઈ.ટી) |
| ૯. | શ્રી તેજસભાઈ કે. ગામિત (પટાવાળા) | ૧૦–૦૪–૨૦૦૭ | ૦૯–૦૩–૨૦૦૮ | એમ.એસસી (આઈ.ટી) |

**ક્રમ – ૧ ના કર્મચારી નોકરી છોડી ગયા છે.**

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉ કોન્ટ્રાકટ બેઇઝ પર નિમણૂંક પામેલા ઉપરોકત કર્મચારીઓને ૭ દિવસનો બ્રેક આપી વધુ ૧૧ માસના માટે નિમણૂંક આપવી અને કલાર્કને રૂા. ૪,૫૦૦/– અને પટાવાળાને રૂા. ૩૫૦૦/– નો પગાર ચૂકવવો.

શિક્ષણ વિભાગના ઠરાક ક્રમાંક : દગય – ૧૩૦૫– ૧૬૨૯–ખ સચિવાલય, ગાંધીનગર તા. ૧૯/૧૧/૨૦૦૭ થી વિવિધ પ્રકારની કુલ – ૨૮ જગાઓ ભરવા મજૂરી મળેલ છે. જે રાજ્ય સરકારશ્રીના આવેલ પત્ર અંગે યુનિવર્સિટી કાર્યાલય ખાતે તા. ૧૩ – ૨–૨૦૦૮ના રોજ મળેલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.....

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૩–૨–૨૦૦૮ની સભાની ભલામણને **પરિશિષ્ટ : ' છ '** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા સહાયક ને બદલે પરીક્ષા નિયામકની જગ્યા અંગે સુધારો કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

**(પરિશિષ્ટ : ' છ ')**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના રીડર અને ઓફિસીયેટીગ હેડ, ડૉ. વિપુલ સોમાણીનો તા. : ૯–૨–૨૦૦૮ના પત્રાંક : એડીએમ / ૨–એ/ ૮૭૯/ ૨૦૦૭–૦૮ મુજબ એમ. આર. એસ. વિભાગમાં નવા સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ, પી.જી. સર્ટિફીકેટ કોર્સ ઈન રૂરલ માર્કેટીગ મેનેજમેન્ટ (એક્ષ્ટર્નલ) ની પરીક્ષઓ અંગે નીચે જણાવેલ વિગતો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આવેદનપત્રો છપાવવા તથા મંગાવવા (વિદ્યાર્થીઓ પાસેથી)

૨. પરીક્ષાઓ લેવાનું સ્થળ, તારીખ તથા સમય નકકી કરવા .

૩. પરીક્ષાઓ માટેના પેપર સેટર્સની નિમણુંકો.

૪. પરીક્ષાઓ માટેના એકઝામિનરોની નિમણૂંકો.

૫. રીઝલ્ટ તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયા કરી તેને બહાર પાડવાની કામગીરી.

૬. સર્ટિફીકેટ તૈયાર કરવાની કામગીરી.

(પરીક્ષા )

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાને લગતી સંપૂર્ણ કાર્યવાહી પરીક્ષા વિભાગ દ્વારા કરવી ફી વગેરે બાબતે જૂના ઠરાવ મુજબ લેવું.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/૩૨૪૨ /૨૦૦૮. **ઈ.ચા. કુલસચિવ**
તા. ૨૬ –૩ –૨૦૦૮.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......